પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૨૦ ૨ ફેબ્રુઆરી, ૨૦૨૦, રવિવાર; મહા સુદ - ૮ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ગરીબો-ખેડૂતો-મધ્યમવર્ગીઓનું બજેટ

## મુખ્ય જોગવાઈઓ

- આવકવેરાના સ્લેબમાં ફેરફાર કરાયો
- પથી ૭.૫ લાખની આવક પર ટેક્સ ૨૦ ટકાથી ઘટીને ૧૦ ટકા
- ૭.૫ લાખથી ૧૦ લાખસુધીની આવક પરનો ટેક્સ ૨૦ ટકાથી ઘટીને ૧૫ ટકા
- ૧૦ લાખથી ૧૨.૫ લાખ સુધીની આવક પરનો ટેક્સ ૩૦ ટકાથી ઘટાડીને ૨૦ ટકા
- ૧૨.૫ લાખથી ૧૫ લાખની આવક સુધી ૨૫ ટકા ટેક્સ
- ૧૫ લાખથી વધુની આવક પર કોઈ રાહત નહીં
- ડિવિડંડ ડિસ્ટ્રીબ્યૂશન ટેક્સ નાબૂદ કરાયો
- કોર્પોરેટ બોન્ડમાં ફ્ૈંની રોકાણ મર્યાદા વધારીને ૧૫%
- રૂ૨૧માં રાજકોષીય ખાધ ય્ડ્ઁના ૩.૫ ટકા રહેવાનું અનુમાન
- ડિપોઝીટ વીમાની રકમ ૧ લાખથી વધારી ૫ લાખ
- ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેંજ સ્થપાશે
- મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોને પ્રોત્સાહન અપાશે
- ૧૮૬૦૦ કરોડ બેંગલુરુ લોકલ ટ્રેન માટે
- ૨૦૨૧માં ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રા માટે ?૧.૭ લાખ કરોડ
- પાવર અને રિન્યુએબલ એનર્જી માટે ?૨૨,૦૦૦ કરોડની જોગવાઈ
- નેશનલ ગેસ ગ્રીડને ૨૭,૦૦૦ કિલોમિટર સુધી લંબાવાશે
- ડેટા સેન્ટર પાર્ક માટે ખાનગી ક્ષેત્રને મંજૂરીની શક્યતા
- સોલાર પંપ માટેૅ સ્ કુસુમ સ્કિમ, ૨૦ લાખ ખેડૂતોને લાભ
- નેશનલ ક્વોન્ટમ કમ્પ્યુટિંગ એન્ડ ટેકનોલોજી, ?૮૦૦૦ કરોડની ફાળવણી
- તેજસ જેવી વધુ ટ્રેન
- ન્યુટ્રીશન રિલેટેડ પ્રોગ્રામ માટે ૩૫,૬૦૦ કરોડની ફાળવણી
- મહિલા સંબંધિત યોજના માટે
- સિનિયર સિટિઝન અને દિવ્યાંગ સ્કીમ માટે ?૯૫૦૦ કરોડની જોગવાઈ
- OBC, SC સ્કીમ માટે ?૮૫,૦૦૦ કરોડની ફાળવણી
- ક્લાઈમેટ ચેન્જનો સામનો કરવા માટે પગલાં ભરાશે
- બેટી બચાઓ, બેટી પઢાવોનું સારું પરિણામ
- ઈન્ટરનેટ કનેક્ટિવિટી માટે ૬,૦૦૦ કરોડ
- સંપત્તિના સર્જકોનું સન્માન જાળવવામાં આવશે
- દિલ્હીનું પ્રદુષણ દૂર કરવા ૪,૪૦૦ કરોડની જોગવાઈ
- ગુજરાતની ધોલાવીરા સહિત ૫ આર્કેયોલોજિકલ સાઈટ્સ ડેવલપ કરાશે
- નિકાસકારો માટે વીમાનું ઊંચું કવર
- ટેક્સ હેરેસમેન્ટ નહીં ચલાવી લેવાય
- નોન ગેજેટેડ પોસ્ટની ભરતી કરવા નેશનલ રિક્રૂટમેન્ટ એજન્સી
- ટુરિઝમ માટે ૨૫૦૦ કરોડની ફાળવણી
- જમ્મુ-કાશ્મીર માટે ૩૦,૭૫૭ કરોડ અને લદાખ માટે ૫,૯૫૮ કરોડની ફાળવણી
- IDBI બેંકનો બાકીનો હિસ્સો વેચાશે
- લોન રિસ્ટ્રક્ચરિંગથી ૫,૦૦,૦૦૦ MSMEsને લાભ
- ભંડોળ એકત્રીકરણ માટે PSBsને પ્રોત્સાહન
- ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેંજ સ્થપાશે
- LICમાનો સરકારનો અમૂક હિસ્સો IPO દ્વારા વેચવામાં આવશે
- ડિવિડંડ ડિસ્ટ્રીબ્યૂશન ટેક્સ નાબૂદ કરાયો
- દેશવાસીઓની આવક અને ખરીદશક્તિ વધારવાની નેમ
- અર્થતંત્રના ફંડામેન્ટલ મજબૂત
- GST દ્વારા લોકોને ૧ લાખ કરોડનો લાભ પહોંચાડાયો
- કોમોડિટી પર ટેક્સ ઘટ્યો
- જીવન ધોરણ સરળ બનાવાશે
- **GST** રિટર્નની સરળ પ્રણાલી દાખલ કરાશે
- ૬૦ લાખ નવા કરદાતાઓ વધ્યા, ૪૦ કરોડ વધુ રિટર્ન
- સરકારી દેવું માર્ચ-૧૪માં ૫૨.૨% હતું તે ઘટીને ૪૮.૭% ટકા
- ખાનગી ક્ષેત્રોને વધુ તક અપાશે
- ૨૦૦૬થી ૨૦૧૬ સુધીમાં ૨૭.૧ કરોડ લોકોને ગરીબી રેખાથી બહાર લવાયા
- કિસાનો માટે ૧૬ પગલાંની જાહેરાત
- પાણીની અછત ધરાવતા ૧૦૦ જિલ્લાઓ માટે સર્વગ્રાહી પગલાં લેવાશે
- ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરાશે
- રેફ્રિજરેટેડ માલસામાનના વહન માટે PPP ધોરણે કિસાન રેલ,
- WARD અંતર્ગત વેરહાઉસ તૈયાર કરાશે
- પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ ૬.૧૧ કરોડ ખેડૂતોને આવરી લેવાયા
- સોલાર પાવરનો ઉપયોગ કરવા ખેડૂતોને ઈન્સેન્ટિવ અપાશે
- ઝીરો બજેટ ખેતી પર ફોકસ
- બગડી જાય તેવા ઉત્પાદનો માટે સીમલેસ નેશનલ કોલ્ડ સપ્લાય ચેઈન
- મરિન રિસોર્સિસના ડેવલપમેન્ટ, મેનેજમેન્ટ માટે ખાસ ફ્રેમવર્ક
- ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ માટે ૧.૨૩ લાખ કરોડની ફાળવણી
- બાગાયતી કામની પ્રોત્સાહનની યોજના
- ૨૦૨૦-૨૧ માટે એગ્રી ક્રેડિટ ૧૫ લાખ કરોડ
- કૃષિ, સિંચાઈ અને ગ્રામીણ વિકાસ માટે ૨.૮૩ લાખ કરોડ
- વેરહાઉસીસ બાંધવામાં આવશે
- ૧૨ નવા રોગને કવર કરતી નવી ઈન્દ્રધનુષ યોજના
- સ્વચ્છ ભારત મિશન માટે ૧૨,૩૦૦ કરોડની ફાળવણી
- પાઈપ્ડ વોટર પ્રોજેક્ટ્સ માટે ૩.૬ લાખ કરોડ
- શિક્ષણમાં **FDI, ECB**ની મંજૂરી
- આરોગ્ય માટે ૬૯,૦૦૦ કરોડની જોગવાઈ
- ૨૦૨૫ સુધીમાં ટીબીની નાબૂદી
- ગરીબો માટે ડિગ્રી લેવલનો ઓનલાઈન એજ્યુકેશન પ્રોજેક્ટ્સ
- 'સ્ટડી ઈન ઈન્ડિયા'ને પ્રોત્સાહન
- જિલ્લા હોસ્પિટલમાં **PPP** ધોરણે મેડિકલ કોલેજ
- શિક્ષણ માટે ૯૯,૩૦૦ કરોડની ફાળવણી
- સ્કિલ ડેવલપમેન્ટ માટે ?૩,૦૦૦ કરોડ
- દેશના ઉત્પાદનને પ્રોત્સાહન
- ૫ નવા સ્માર્ટસિટીની દરખાસ્ત
- ૨૦૧૪-૧૯ના ગાળામાં ભારતમાં FDI વધીને ૨૮૪ અબજ ડોલર



નવી દિલ્હી, તા. ૧
અનેક પ્રકારની અપેક્ષાઓ અને આશાઓ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર તરફથી આજે નાણાંપ્રધાન નિર્મલા સીતારામને વર્ષ ૨૦૨૦-૨૧ માટે સામાન્ય બજેટ રજુ કર્યુ હતુ. બજેટમાં આરોગ્ય, શિક્ષણ, ખેડુત અને ગ્રામ્ય વિસ્તારોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને આ ક્ષેત્રો માટે જુદી જુદી રાહતોની જાહેરાત કરવામાં આવી હતી. બીજી બાજુ જુદા જુદા ક્ષેત્રો માટેની ફાળવણીમાં પણ જંગી વધારો કરવામાં આવ્યો છે. સંરક્ષણ ક્ષેત્રમાં ફાળવણી આંશિકરીતે વધારવામાં આવતા આશ્ચર્યનું મોજુ ફરી વળ્યું છે. આ વર્ષે સંરક્ષણ ફાળવણી ૩.૩૭ લાખ કરોડ રૂપિયા કરવામાં આવી છે જે બે ટકા કરતા પણ ઓછો વધારો દર્શાવે છે. બીજી બાજુ બજેટમાં આ વખતે ટેક્સ સ્લેબમાં મોટા સુધારા કરવામાં આવ્યા છે. જેના ભાગરુપે પાંચ લાખ સુધીની આવક પર પહેલાની જેમ જ કોઈ ટેક્સ લાગૂ થશે નહીં જ્યારે પાંચથી ૭.૫ લાખ સુધીની આવકવાળા લોકોને ૧૦ ટકા ટેક્સ રહેશે. જ્યારે ૭.૫ લાખથી ૧૦ લાખ સુધીની જે લોકોની આવક છે તેમને ૧૫ ટકા ટેક્સ રહેશે. બજેટમાં આરોગ્ય, શિક્ષણ, ડિજિટલ, કૃષિ સહિતના ક્ષેત્રો માટે જુદી જુદી જાહેરાતો કરવામાં આવી છે. ૨૦૨૦માં મોટી જાહેરાતના ભાગરુપે વર્તમાન વિજળી મીટરની જગ્યા પ્રિપેઈડ મીટર લાગશે. નાણામંત્રી નિર્મલા સીતારામને આગામી વર્ષ એટલે કે ૨૦૨૦-૨૧ માટેનું આજે બજેટ રજૂ કર્યું હતું. આર્થિક સુસ્તીના માહોલમાં ટેકો આપવા ગ્રામિણ અર્થતંત્ર તથા ખેડૂતો માટે પણ કેટલીક જાહેરાતો કરવામાં આવી છે. નાણામંત્રીએ કહ્યું હતું કે, ગરીબ વર્ગના લોકો ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. તેમની સરકાર ૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બે ગણી કરવા માટે મક્કમ છે. ખેડૂતોની આવકને વધારવા માટે ૧૬ મહત્વપૂર્ણ નિર્ણયો કરવામાં આવ્યા છે. બોલી, કૃષિ મંડીમાં કામકાજમાં સુધાર પણ આમા સામેલ છે. સસ્ટેનેબલ ક્રોપિંગ પેટર્ન ઉપર સરકાર કામ કરી રહી છે. અનાજ પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. ખેડૂતોને પીએમ કિસાન યોજનાનો લાભ મળી રહ્યો છે. નાણામંત્રી નિર્મલા સીતારામને વર્ષ ૨૦૨૦-૨૧ માટેનું બજેટ રજૂ કરતી વેળા હેલ્થ સેક્ટર માટે પણ કેટલીક મોટી જાહેરાતો કરી હતી. આરોગ્ય સેક્ટર માટે ૬૯૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. વડાપ્રધાન જનઆરોગ્ય યોજના હેઠળ ૨૦૦૦૦થી વધારે હોસ્પિટલ પેનલમાં સામેલ કરવામાં આવી ચુક્યા છે. આ સંખ્યાને હજુ પણ વધારવામાં આવશે. મિશન

● અનુસંધાન પાના - ૫ પર

### બજેટ વાંચતાં નાણાંમંત્રી તબિયત બગડી......!!

નાણામંત્રી નિર્મલા સીતારામને શનિવારે લોકસભામાં પોતાનું બજેટ ભાષણ ટૂંકાવી લીધું હતું, કારણ કે રેકોર્ડબ્રેક સતત ૧૬૦ મિનિટ સુધી બોલ્યા પછી તેઓ અસ્વસ્થ બન્યા હતા. તેમણે બજેટ ભાષણના ફક્ત બે પાના જ વાંચ્યા ન હતા જ્યારે તેણી અસ્વસ્થ દેખાઈ હતી અને તેઓ તેમના કપાળમાંથી પરસેવો લૂછતો જોવા મળ્યા હતા. તેમને તેમના મંત્રીમંડળના સાથીઓએ સુગર કેન્ડીની ઓફર કરી હતી, પરંતુ તે મદદ કરી શક્યું નહીં અને તેમણે સ્પીકર ઓમ બિરલાને તેમના ભાષણના બાકીના ભાગને વાંચેલા તરીકે ધ્યાનમાં લેવા કહેતા ભાષણ બંધ કરવાનું પસંદ કર્યું હતું. કોઈપણ નાણાં પ્રધાનનું આ સૌથી લાંબું બજેટ ભાષણ હતું. ૬૦ વર્ષિય સીતારામને જુલાઈ ૨૦૧૯ માં ૨-કલાક-૧૭- મિનિટ લાંબા મેઈડન બજેટ ભાષણનો પોતાનો રેકોર્ડ પોતે જ તોડ્યો હતો.

# પાંચ લાખની આવક પર કોઈ ટેક્સ નહીં

નવી દિલ્હી, તા. ૧
નાણામંત્રી નિર્મલા સીતારામને આજે પોતાનું બીજુ બજેટ રજૂ કર્યું હતું. નાણામંત્રીએ પોતાના બજેટમાં ગામ, ગરીબ અને ખેડૂતો માટે અનેક યોજનાઓની જાહેરાત કરી હતી. સાથે સાથે નાણામંત્રીએ નોકરી કરનાર લોકો માટે પણ મોટી જાહેરાત કરી હતી. નાણામંત્રીએ ટેક્સ સ્લેબમાં ફેરફાર કરીને કેટલીક મોટી જાહેરાતો કરી હતી. નાણામંત્રીએ ૨૦૨૦-૨૧ માટેનું સામાન્ય બજેટ રજૂ કરતી વેળા આ જાહેરાતો કરી હતી. નાણામંત્રીએ પોણા ત્રણ કકલાક સુધી પોતાનું બજેટ ભાષણ આપ્યું હતું જેમાં શરતોની સાથે ટેક્સ સ્લેબમાં મોટા ફેરફાર કર્યા હતા. હવે કરવામાં આવેલા ફેરફાર મુજબ પાંચથી ૭.૫ સુધીની આવકવાળા લોકોને ૧૦ ટકા ટેક્સ રહેશે જ્યારે ૭.૫ લાખથી ૧૦ લાખ સુધીની જે લોકોની આવક છે તેમને ૧૫ ટકા ટેક્સ લાગૂ થશે. ૧૦ લાખથી લઈને ૧૦.૫ લાખ સુધીની આવકવાળા લોકોને ૨૦ ટકા ટેક્સ આપવાની જરૂર રહેશે. ૧૨થી ૧૫ લાખ સુધીની આવકવાળા લોકોને ૨૫ ટકા ટેક્સ આપવાની જરૂર રહેશે. પાંચ લાખ સુધીની આવકવાળા લોકોને કોઈ ટેક્સ લાગૂ પડશે નહીં. નાણામંત્રીએ બજેટ ભાષણ વેળા આ મુજબની મોટી જાહેરાતો કરી હતી. નાણામંત્રીની આ જાહેરાતથી મોટી રાહત મળી શકે છે.

# બજેટના પગલે શેરબજાર તૂટ્યુ

**૯૮૮ પોઇન્ટનો કડાકો : આર્થિક મંદીમાંથી બહાર નિકળવા માટે સરકારે બજેટમાં કોઇ નવા પગલાઓ ન સૂચવતા તેની માઠી અસર : ફિસ્કલ ડેફિસિટને વધારીને ૩.૮ ટકા કરાયો**

શેરબજારમાં આજે બજેટના દિવસે જોરદાર મંદીનું મોજુ ફરી વળ્યું હતું. લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ (એલટીસીજી) ટેક્સમાં ઘટાડા અંગે કોઈ જાહેરાત કરવામાં ન આવતા અને નવા પર્સનલ ઈન્કમટેક્સની જાહેરાત તેમજ નાણાંકીય વર્ષ ૨૦૨૦ માટે ફિસ્કલ ડેફિસિટને વધારી દેવામાં આવ્યા બાદ તેની અસર શેરબજારમાં જોરદારરીતે દેખાઈ હતી. સરકાર દ્વારા આર્થિક મંદીમાંથી બહાર નિકળવાના કોઈ પગલા અથવા તો રુપરેખા બજેટમાં જાહેર ન થતાં કારોબારીઓ નિરાશ થયા હતા અને બજેટને લઈને મોટો કડાકો બોલી ગયો હતો. કેન્દ્રીય બજેટથી શેરબજારમાં નિરાશા છવાઈ ગઈ હતી. આજે કારોબારના અંતે બીએસઈ સેંસેક્સ ૯૮૮ પોઈન્ટ ઘટીને ૩૯૭૩૫ની નીચી સપાટીએ રહ્યો હતો. એક વખતે સેંસેક્સે ૧૨૭૪ પોઈન્ટ ગુમાવી દીધા હતા. સેંસેક્સના ૩૦ શેર પૈકી માત્ર ટીસીએસ, એચયુએલ, નેસ્લે અને ઈન્ફોસીસમાં તેજી રહી હતી. આઈટીસી, એચડીએફસી, એસબીઆઈ, એલએન્ડટીમાં સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. એચડીએફસી ટ્વિન, આઈટીસી, આઈસીઆઈસીઆઈ બેંક, રિલાયન્સ સહિતની કંપનીઓમાં સાત ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. નિફ્ટી ૩૧૨ પોઈન્ટ ઘટીને ૧૧૬૪૪ની નીચી સપાટીએ રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો નિફ્ટી રિયાલીટી ઈન્ડેક્સમાં આઠ ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. મુશ્કેલ તબક્કામાંથી બહાર કાઢવા રિયાલીટી સેક્ટર માટે કોઈ જાહેરાત ન થતાં આની અસર રહી હતી. નિફ્ટી બેંક, પ્રાઈવેટ બેંક, મેટલ, ફાઈનાન્સિયલ સર્વિસમાં કડાકો બોલી ગયો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં બે ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. અત્રે નોંધનીય છે કે, આ પહેલા છઠ્ઠી જાન્યુઆરીના દિવસે પણ શેરબજારમાં તીવ્ર વેચવાલીનું મોજુ ફરી વળ્યું હતું. ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી કટોકટી વચ્ચે શેરબજાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થતાં

● અનુસંધાન પાના - ૫ પર

# ભારત નેટ પર ૬૦૦૦ કરોડ ખર્ચવા તૈયાર

નાણામંત્રી નિર્મલા સીતારામને બજેટ રજૂ કરતી વેળા આ વખતના બજેટમાં ડિજિટલ ઈન્ડિયાને લઈને પણ અનેક મોટી જાહેરાતો કરવામાં આવી છે. તેમણે કહ્યું છે કે, ન્યુ ઈકોનોમિ ઈનોવેશન અને ટેકનોલોજી પર આધારિત છે. આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સ, ક્વાન્ટમ કોમ્પ્યુટીંગ જેવી ટેકનોલોજીના કારણે દુનિયા બદલાઈ રહી છે. થ્રીડી પ્રિન્ટિંગ પણ ફેરફારના એક મોટા હિસ્સા તરીકે છે. ભારત નેટ ઉપર ૬૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. નાણામંત્રીએ કહ્યું હતું કે, અમને આના પર પણ ધ્યાન આપવાની જરૂર છે. ડેટાને ન્યુ ઓઈલ કહેવામાં આવે છે. ડેટા સેન્ટર પાર્ક સમગ્ર દેશમાં બનાવવામાં આવશે. તમામ સાર્વજનિક સંસ્થાઓના ડેટા રાખવામાં આવશે. આંગણવાડી, પોલીસ સ્ટેશનથી લઈને તમામ મોટી મોટી ઓફિસોને ડિજિટલ સાથે જોડાવામાં આવશે. આ કામ માટે ૬૦૦૦ કરોડ રૂપિયા ભારત નેટ પ્રોગ્રામ હેઠળ આપવામાં આવી રહ્યા છે. નાણામંત્રીએ કહ્યું હતું કે, ક્વાન્ટમ ટેકનોલોજી ઉપર ૮૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવી રહ્યા છે. ક્વાન્ટમ ટેકનોલોજી પર આગામી પાંચ વર્ષમાં ૮૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે.

# ખેડૂતોની આવક બમણી કરવા ૧૬ પગલાની જાહેરાત

**ખેડૂતોની આવક ૨૦૨૨ સુધી બે ગણી કરાશે : ૧૬ સ્કીમો માટે કુલ ૨.૮૩ લાખ કરોડની ફંડ ફાળવણી દૂધ, માંસ તથા માછલી જેવી વસ્તુ માટે નવી ટ્રેનો ચાલશે**

નવી દિલ્હી, તા. ૧
નાણામંત્રી નિર્મલા સીતારામને આગામી વર્ષ એટલે કે ૨૦૨૦-૨૧ માટેનું આજે બજેટ રજૂ કર્યું હતું. આર્થિક સુસ્તીના માહોલમાં ટેકો આપવા ગ્રામિણ અર્થતંત્ર તથા ખેડૂતો માટે પણ કેટલીક જાહેરાતો કરવામાં આવી છે. નાણામંત્રીએ કહ્યું હતું કે, ગરીબ વર્ગના લોકો ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. તેમની સરકાર ૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બે ગણી કરવા માટે મક્કમ છે. ખેડૂતોની આવકને વધારવા માટે ૧૬ મહત્વપૂર્ણ નિર્ણયો કરવામાં આવ્યા છે. બોલી, કૃષિ મંડીમાં કામકાજમાં સુધાર પણ આમા સામેલ છે. સસ્ટેનેબલ ક્રોપિંગ પેટર્ન ઉપર સરકાર કામ કરી રહી છે. અનાજ પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. ખેડૂતોને પીએમ કિસાન યોજનાનો લાભ મળી રહ્યો છે. આ ઉપરાંત પણ અનેક યોજનાઓ શરૂ કરવામાં આવી છે. ૨૦ લાખ ખેડૂતોને સોલર પોઈન્ટની સુવિધા આપવામાં આવનાર છે. ૧૦૦ દુકાળગ્રસ્ત જિલ્લાઓના વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. બેકવર્ડ લિન્કેજના રુપમાં ગ્રામ ભંડારોની સ્કીમ સ્વસહાયતા ગ્રુપ દ્વારા ચલાવવામાં આવશે. એવા રાજ્યોને પ્રોત્સાહન અપાશે જે કેન્દ્રના મોડલ લોને માનશે. પાણીની સમસ્યાને ધ્યાનમાં લઈને ૧૦૦ એવા જિલ્લાઓમાં વ્યાપક પ્રયાસ કરવામાં આવશે. અન્નદાતા ઉર્જાદાતા તરીકે છે. પીએમ કુસુમ સ્કીમથી ફાયદો થયો છે. ૧૫ લાખ ખેડૂતોને ગ્રીડ કનેક્ટેડ પંપ સેટ સાથે જોડવામાં આવશે. જો બિનઉપજાઉ જમીન છે તો સોલાર પાવર જનરેશન યુનિટ લગાવી શકાય છે.

## શિક્ષણ માટે ૯૯૩૦૦ કરોડની ફાળવણી કરાઈ

આ બજેટમાં શિક્ષણ માટે ૯૯૩૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. ૩૦૦૦ કરોડ રૂપિયા સ્કીલ ડેવલપમેન્ટ માટે રાખવામાં આવ્યા છે. ફાળવણી નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં શિક્ષણ માટે ૯૪૮૫૩.૬૪ કરોડ રૂપિયા હતી. ૧૮-૧૯ના સુધારેલા અંદાજથી ૧૩ ટકા વધારે હતી.




